ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૪.૦° સે. | ૨૫.૦° સે. |
| બારડોલી | ૪૨.૦° સે. | ૨૩.૦° સે. |
| ભરૂચ | ૪૫.૦° સે. | ૨૫.૦° સે. |
| વ્યારા | ૪૨.૦° સે. | ૨૩.૦° સે. |



## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વર હાઇવે પર વાહનની ટક્કરે મહિલાનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વર શહેરમાં સંજાલીગામ મસ્જિદની ગલી વિસ્તારમાં રહેતી મજહબી ખાતુન મોહમદ સમીદ (ઉં.વ.38)ને તા.13 એપ્રિલના રોજ સાંજે અંસાર માર્કેટ નજીક લકી હોટલ સામે હાઇવે રોડ ક્રોસ કરતી વખતે અજાણ્યા વાહનચાલકે પૂરઝડપે વાહન હંકારી અડફેટમાં લીધી હતી. અકસ્માતમાં મહિલાને ગંભીર ઇજાઓ પહોંચતાં સ્થળ પર જ તેનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### બારડોલીમાં ટ્રકની અડફેટે યુવકે પગ ગુમાવ્યો

બારડોલી: ફરિયાદી ગીરીષભાઈ તરસરીયા તેમના ભાઈ અને સાળા સાથે વાઘેચા ગામે દર્શન કરીને પરત સુરત જઈ રહ્યા હતા. રાત્રિએ મોરી-વિહાણ રોડ પર ગાડી ઊભી રાખી ત્રણેય જણા રોડની સાઈડમાં ઊભા હતા ત્યારે કડોદ તરફથી આવતી ટ્રક નંબર GJ-33-T-9054 ના ચાલકે ગફલતભરી રીતે ટ્રક હંકારી ૨૭ વર્ષીય યુવક જયેશભાઈ પોપટભાઈ તરસરીયાને ટક્કર મારી હતી. અકસ્માતમાં યુવકનો ડાબો પગ કાપી નાખવો પડ્યો છે.

### ડાન્સ ઇવેન્ટમાં જવાની ના પાડતા કડોદરાની યુવતી ઘર છોડી નીકળી ગઈ

પલસાણા: કડોદરાના મોદી ફળિયા વિસ્તારમાંથી પ્રકાશભાઈ જગદીશભાઈ મોદીની ૨૧ વર્ષીય પુત્રી શ્રુતિ મોદી ગત તારીખ ૧૩/૦૪/૨૦૨૬ના રોજ સવારે પોતાના ઘરેથી નીકળી ગઈ હતી. શ્રુતિને વડોદરામાં યોજાનાર એક ડાન્સ પ્રોગ્રામમાં ભાગ લેવા જવું હતું, પરંતુ પિતાએ આ બાબતે ઇન્કાર કરતા તેને માઠું લાગ્યું હતું. પરિવારજનોએ તેની શોધખોળ કરી હતી પરંતુ કોઈ પત્તો ન મળતા આખરે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં આ અંગે જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### બાઈક સ્લિપ થતાં ચાલકનું સારવાર દરમિયાન મોત

પલસાણા: વાંકાનેડાથી અંત્રોલી જતા માર્ગ પર ગત 30 માર્ચના રોજ સારોલી વિસ્તારમાં રહેતા અને શાકભાજીનો વેપાર કરતા 48 વર્ષીય સુરેશભાઈ માધુભાઈ રાઠોડ પોતાની નવી હોન્ડા એસપી શાઈન બાઈક (નં. GJ-05-UG-5637) લઈને રાત્રિએ ખેતરેથી ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે અચાનક બ્રેક મારવા જતાં બાઈક સ્લિપ થઈ ગઈ હતી, જેના કારણે સુરેશભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સ્મિમેર અને ત્યારબાદ વધુ સારવાર માટે મહાવીર તથા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

### ઘલા પાસે પાવરગ્રીડનો થાંભલો તૂટી જતાં 26 લાખનું નુકસાન

કામરેજ: મૂળ પ્રશ્ચિમ બંગાળના બોતની અને હાલ બારડોલી ખાતે બાબેનમાં લકઝુરીયા એપાર્ટમેન્ટમાં વિવેકાનંદા અશોકકુમાર બેરા રહે છે. પાવરગ્રીડની લાઈન માટે સિનિયર એન્જિનિયર તરીકે નોકરી કરે છે. જણાવ્યા પ્રમાણે ત્રણ દિવસ કામરેજ તાલુકાના ઘલા ગામના ધીરૂ પટેલના સરવે નંબર 18 તથા 25 માં આવેલો થાંભલો તૂટી જતાં આશરે 26 લાખનુ નુકસાન થવા પામ્યું છે.

### સીમલીયામાં ઘર આંગણેથી બાઈક ચોરાઈ

ભરૂચ જિલ્લાના પાલેજ પંથકમાં સીમલીયા ગામે રહેતા અને દહેજની SRF કંપનીમાં ટેકનિશિયન તરીકે ફરજ બજાવતા જનિતકુમાર પટેલની બજાજ પ્લેટીના (GJ-16-DB-9399) તેમના ઘરના આંગણામાંથી ચોરાઈ છે. શોધખોળ બાદ અંદાજે રૂ. ૫૦,૦૦૦ ની કિંમતની બાઇકનો કોઈ પત્તો ન લાગતા ફરિયાદ આપતા પાલેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### વરેલી ગામે ટેક્સટાઇલ યુનિટ સામેથી અજાણ્યાની લાશ મળી

પલસાણા: પલસાણા તાલુકાના વરેલી ગામે આવેલા પાર્વતી INC ટેક્સટાઇલ્સની સામેની ખુલ્લી જગ્યામાંથી એક ૩૦થી ૩૫ વર્ષીય અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક અનુમાન મુજબ, યુવકનું મોત કોઈ ગંભીર બીમારીને કારણે થયું હોવાનું જણાય છે.

### ભાડુઆતની વિગત પોલીસમાં ન આપવી મકાન માલિકને ભારે પડી

સોનગઢ: સોનગઢમાં ભાડુઆતની માહિતી પોલીસને ન આપવા બદલ મકાનમાલિક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તાપી SOGની તપાસમાં ઉકાઈ-સોનગઢ રોડ પર દિનેશભાઈ વસાવાએ છેલ્લા ત્રણ વર્ષથી કર્ણાટકના શખ્સને મકાન ભાડે આપ્યું હતું. મકાનમાલિકે ભાડુઆતના ઓળખના પુરાવા મેળવ્યા ન હતા કે પોલીસ સ્ટેશનમાં જાણ કરી ન હતી. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ સોનગઢ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નિઝર ગામે યુવકના ખાતામાં ઠગે રૂપિયા ટ્રાન્સફર કરી લીધા

કુકરમુંડા: નિઝર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા FIR મુજબ, ફરિયાદી સોમનાથભાઈ છગનભાઈ પાટીલ (ઉં.વ.૩૫, વ્યવસાય: મિકેનિક, રહે., નિઝર)ના ખાતામાંથી અજાણ્યા વ્યક્તિએ ફોનપે મારફતે બારોબાર રૂપિયા ઉપાડી લીધા છે. અજાણ્યા નંબર પરથી આરોપીએ ફરિયાદીના ખાતામાંથી પ્રથમ વખત રૂપિયા 1000, ત્યારબાદ 200 અને ફરી 1000 રૂપિયા એમ કુલ 2200 રૂપિયાની ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરી લીધા હતા. નિઝર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### 3 વર્ષથી વોન્ટેડ આરોપી દેલાડથી ઝડપાયો



સાયણ: ઓલપાડ પોલીસના સર્વેલન્સ સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ૨૦૨૩થી વોન્ટેડ આરોપી અમિતસિંહ હકીમસિંહ ચૌહાણ (મૂળ રહે., ડહેલખંડ, ઉત્તરપ્રદેશ)ને દેલાડ ચાર રસ્તા પાસેની નાસ્તાની લારીએથી ઝડપી પાડ્યો છે. ૩૨ વર્ષીય આરોપી વિરુદ્ધ ઓલપાડ પો.સ્ટે.માં હુમલા અને ધમકીના ગંભીર ગુના નોંધાયેલા હતા. પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું કે ધરપકડથી બચવા તે દિલ્હીના માનેશ્વરમાં નોકરી કરતો હતો અને સાયણ ખાતે મિત્રને મળવા આવતા જ પકડાઈ ગયો હતો. તપાસમાં સામે આવ્યું છે કે તેના વિરુદ્ધ સુરત મહિલા પોલીસમથકમાં પણ દહેજ અને શારીરિક ત્રાસનો ગુનો નોંધાયેલો છે.

### વ્યારામાં જુગારના કેસમાં બે આરોપી ઝડપાયા



વ્યારા: તાપી LCB અને પેરોલ ફ્લો સ્કવોડની ટીમે વ્યારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ઈન્દુ બ્રિજ પાસે ગતરોજ જુગાર રમવાના ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ આરોપી બ્રિજેશ બહાદુર ગામીત (ઉં.વ.28), પરેશ અરવિંદ ઉર્ફે જાનીયા ગામીત (ઉં.વ.26, બંને રહે., ખુરદી, ચુલા ફળિયું, તા.વ્યારા ) પકડી પાડ્યા હતા.

### ડુંગરા નજીક વીકએન્ડ હાઉસના બેડરૂમમાં એસીમાં આગ લાગી

કામરેજ: કામરેજના ડુંગરાના વીકએન્ડ હાઉસમાં બેડરૂમમાં લગાવેલા એસીમાં અચાનક શોર્ટ સર્કિટથી આગ લાગી જતાં ફાર્મ હાઉસમાં બાળકો સાથે આવેલી મહિલાઓ ગભરાઈ ગઈ હતી અને ફાયર વિભાગને જાણ કરવામાં આવતા કામરેજની ઈ.આર.સીની ટીમ ઘટના સ્થળે દોડી જઈ આગ પર કાબૂ મેળવ્યો હતો.

# આ ગામમાં આઝાદીના 78 વર્ષ પછી પણ પાયાની સુવિધા નથી!

**સાગબારાના** મોટીમોગરીના ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારનું રણશિંગું ફૂંક્યું

**ગ્રામજનો** નર્ક જેવી સ્થિતિમાં જીવવા મજબૂર,



ડેડિયાપાડા, સાગબારા: સાગબારા તાલુકાના મોટીમોગરી (ગુંદવાણ) ગામના રહિશોએ પાયાની સુવિધાઓના અભાવે આગામી તમામ ચૂંટણીઓનો બહિષ્કાર કરવાની ચીમકી આપી છે. ગામની સ્થાપનાને સાત દાયકાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, હજુ પણ ગ્રામજનો નર્ક જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. આ અંગે ગ્રામજનોએ રાજ્યપાલ અને કલેક્ટરને ઉદ્દેશીને આવેદનપત્ર પાઠવી પોતાનો આક્રોશ ઠાલવ્યો છે.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર, પાણી પુરવઠા યોજના હેઠળ બનેલી ટાંકી અને પાઈપલાઈન અત્યંત હલકી ગુણવત્તાની છે. ટાંકીમાં લીકેજ હોવાથી તે ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે. એસ્ટિમેટ મુજબ કામ ન થયું હોવાથી ગામમાં નિયમિત પાણી પહોંચતું નથી. આ ઉપરાંત, ગામમાં શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. માર્ગોની કથળેલી સ્થિતિ અંગે રોષ વ્યક્ત કરતા ગ્રામજનોએ જણાવ્યું કે નાનીમોગરીથી મોટીમોગરી અને દેવમોગરાને જોડતા રસ્તાઓ વર્ષોથી અધૂરા છે. ગુંદવાણ નાળા પર પુલ ન હોવાથી ચોમાસામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનોનો સંપર્ક કપાઈ જાય છે. તકલાદી બાંધકામોમાં થયેલા ભ્રષ્ટાચારને કારણે સરકારી નાણાંનો વ્યય થઈ રહ્યો છે.

ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જ્યાં સુધી આ પાયાના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે, ત્યાં સુધી ગામનો એક પણ વ્યક્તિ મતદાન પ્રક્રિયામાં ભાગ લેશે નહીં. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા ગ્રામજનોનો આ મિજાજ પ્રશાસન માટે ચિંતાનો વિષય બન્યો છે.

## અંકલેશ્વર નજીક મિનિ બસે દંપતીને અડફેટે લેતાં પતિનું મોત



સુરેશ ગાંધી

અંકલેશ્વર: છોટા ઉદેયપુર બાબરીના પ્રસંગમાં જતાં સુરતના બાઈકસવાર શ્રમિક દંપતીને મોતાલી પાટિયા પાસે મિનિ બસે ટક્કર મારતા પતિનું મોત નીપજ્યું હતું. સુરત ખાતે કાપડની ફેક્ટરીમાં છૂટક મજૂરી કરતાં સુખરામ તળવી અને તેમની પત્ની તારાબેન પિયર પક્ષે બાબરીનો પ્રસંગ હોય બાઈક લઈ નીકળ્યા હતા. તેઓ અંકલેશ્વરમાંથી પસાર થતાં ને.હા.નં. 48 પર મોતાલી પાટિયા નજીક રાજપીપળા જવાનું હોય તેઓ કટ પરથી ટર્ન લઈ રહ્યા હતા તે દરમિયાન ભરૂચ તરફથી પૂરપાટ આવતી મિનિ બસે તેમની બાઈકને ટક્કર મારતા તેઓ રોડ પર ફંગોળાયા હતાં. સુખરામ તળવીને ગંભીર ઈજા પહોંચતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જયારે તારાબેનને ગંભીર ઈજા પહોંચતા 108ની મદદ થી સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

## આમોદમાં મગર સાથે યુવાનનો જીવસટોસટીનો જંગ

**બકરીના** બચ્ચાને પાણી પીવડાવતા મગરનો હુમલો, મુખમાંથી પંજો છોડાવ્યો



આમોદ, ભરૂચ: આમોદ નગરના વાવડી ફળિયામાં બકરા ચરાવતા 22 વર્ષીય યુવક ઉપર મગરે હુમલો કરી જમણા હાથની પાંચેય આંગળીઓમાં ગંભીર ઈજા પહોંચાડી છે. યુવકે સંઘર્ષ કરી કોઈક રીતે પોતાનો હાથ મગરના મોઢામાંથી છોડાવ્યો અને જાન બચાવી લીધી હતી.

આ ઘટના ગતરોજ બપોરે વાવડી ફળિયામાં રહેતા અશરફ હસન પટેલ (ઉં.વ.22) પોતાના 40થી વધુ બકરાં સાથે શમા હોટલ પાછળ આવેલા ખેતર પાસે ચરાવવા ગયા હતા. બપોરે તેઓ બકરાંને નજીકની તલાવડી પાસે પાણી પીવડાવવા લઈ ગયા. ત્યારે બકરીના નાના બચ્ચાને પોતાના હાથથી પાણી પીવડાવતાં જ શાંત પાણીમાં સંતાઈને બેઠેલા મગરે અચાનક હુમલો કરી યુવકના જમણા હાથનો પંજો જોરથી દબાવી દીધો અને તેને પાણીની અંદર ખેંચવાનો પ્રયાસ કર્યો. આ સંજોગોમાં અશરફે હિંમત ન હારતાં પોતાના બીજા હાથ વડે મગરના પાછળના ભાગ પર જોરદાર પ્રહારો કર્યા. આરપારની જીવસટોસટી બાદ તેમણે મગરના મોઢામાંથી પોતાનો પંજો છોડાવી લીધો અને તળાવમાંથી બહાર નીકળવામાં સફળતા મેળવી હતી. મગરના તીક્ષ્ણ દાંતને કારણે અશરફનો જમણો હાથ લોહીથી લથબથ થઈ ગયો હતો. પ્રાથમિક સારવાર બાદ તેમની હાલતને ધ્યાને રાખી ડોક્ટરોએ વધુ સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં રિફર કર્યા હતા. આમોદ વન વિભાગે ઘટનાની નોંધ લઈ આગળની તપાસ શરૂ કરી દીધી છે.

## ભરૂચમાં પત્નીને ત્રાસ આપી પતિએ દાગીના પચાવી પાડ્યા

**પતિ** મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધવા પણ દબાણ કરતો હોવાનો આક્ષેપ

ભરૂચ: મૂળ વડોદરાની અને હાલ પિયરમાં રહેતી ૩૩ વર્ષીય શિક્ષિકાના લગ્ન ગત ૨ માર્ચ, ૨૦૨૪ના રોજ મેટ્રિમોનિયલ સાઈટ દ્વારા પરિચયમાં આવેલા કેવલ સતીષકુમાર ભાવસાર (રહે. સરીગામ, વલસાડ) સાથે સામાજિક રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્નના પ્રારંભિક બે મહિના બાદ પતિએ અસલી સ્વરૂપ બતાવવાનું શરૂ કર્યું હતું. પીડિતાના જણાવ્યા અનુસાર, પતિ અવારનવાર તેના પગારના નાણાં માંગી ગાળાગાળી અને મારઝૂડ કરતો હતો. વર્ષ ૨૦૨૫માં વડોદરા મહિલા પોલીસમાં અરજી કર્યા બાદ સમાધાન થતાં તેઓ ભરૂચના શ્રવણ ચોકડી વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેવા આવ્યા હતા. જોકે, ત્યાં પણ કેવલનો ત્રાસ ચાલુ રહ્યો હતો. પરિણીતાએ આક્ષેપ કર્યો છે કે પતિએ તેની નોકરી છોડાવી દીધી હતી અને પિયર પક્ષ તરફથી મળેલા સોના-ચાંદીના દાગીના પરત માંગતા તેને ઢોર માર માર્યો હતો. એટલું જ નહીં, પતિ તેની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધવા પણ દબાણ કરતો હતો. ગત ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ફરી પૈસા બાબતે ઝઘડો થતાં પરિણીતાએ ૧૧૨ નંબર પર પોલીસની મદદ માંગી હતી. પોલીસ સ્ટેશનમાં પત્નીએ સમાધાનની તૈયારી બતાવી હોવા છતાં પતિએ તેને સાથે રાખવાનો ઈનકાર કરી દીધો હતો. અંતે ન્યાયની આશાએ પીડિત શિક્ષિકાએ ભરૂચ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ચૂંટણી પૂર્વે તાપી જિલ્લા પોલીસની ગુનેગારો સામે તવાઈ

**1584** આરોપી સામે અટકાયતી પગલાં, પાંચ વોન્ટેડ ઝડપાયા

વ્યારા: ગતરોજ તાપી જિલ્લા પોલીસ અધિક્ષક જશુ દેસાઈએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2026 સંદર્ભે પત્રકારો સાથે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં પોલીસની કામગીરીને લગતી માહિતી આપી હતી. જેમાં અત્યાર સુધીમાં જિલ્લામાં 245 લાઈસન્સધારી હથિયાર પૈકી 196 જમા કર્યા તેમજ 3 હથિયાર જપ્ત કરાયાં આ ઉપરાંત 17 જેટલાં હથિયાર માટેના લાઈસન્સ રદ કરવામાં આવ્યા, જ્યારે 29 હથિયારોને મુકિત અપાઈ છે તેમજ તારીખ 01-04-2026 થી અત્યાર સુધીમાં 192 આરોપી પૈકી 5 વૉન્ટેડ આરોપીઓને ઝડપી પાડ્યા હતાં તેમજ જિલ્લા 1584 જેટલા આરોપીના અટકાયતી પગલા લેવામાં આવ્યા છે જેમાં 4 આરોપીને તડીપાર કરવા સહિત 1 આરોપીની પાસા હેઠળ દરખાસ્ત કરવામાં આવી છે તેમજ 30 જેટલા આરોપીના અન્ય અટકાયતી પગલાં લેવામાં આવ્યા હોવાનું એસ.પીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. જિલ્લામાં 216 જેટલાં પ્રોહિબિશન ગુના નોંધાયા હોય જેમાં 160 દેશી દારૂના ગુનામાં (617 લિટર દારૂના જથ્થો જેની કિંમત રૂ.123400) તેમજ 56 જેટલાં ઈંગ્લિશ દારૂના કેસમાં રૂ. 84570નો મુદ્દામાલ જપ્ત કરાયો હોવાનું જાણવા મળ્યું હતું.

# યુદ્ધની અસર: પોલીમર દાણાનો ભાવ 80 ટકા ઉછળી રૂ.170

**અંકલેશ્વરની** પોલીમર ઈન્ડસ્ટ્રીઝ પ્રભાવિત, પ્લાસ્ટિક આધારિત ચીજવસ્તુઓના મોંઘી થઈ શકે

**સ્થિતિ** નહીં સુધરે તો અનેક નાના એકમો બંધ થવાની કગાર પર

### ભાવ વધારાની અસર

- » ઘરવપરાશથી લઈને ઔદ્યોગિક પ્લાસ્ટિકની વસ્તુઓના ભાવ વધ્યા
- » જંતુનાશક દવાઓના પેકિંગ અને રો-મટીરિયલમાં પોલીમરનો ઉપયોગ થતો હોવાથી તેના ભાવ પણ ઊંચકાયા

### ઉદ્યોગકારોની સરકાર પાસે માંગ

કાચા માલના ભાવ પર નિયંત્રણ લાવવા માટે અસરકારક નીતિ
આર્થિક રીતે પીડાતા MSME એકમો માટે વિશેષ રાહત પેકેજની જાહેરાત
આયાત શુલ્ક અથવા અન્ય વેરામાં કામચલાઉ છૂટછાટ.

અંકલેશ્વર: મિડલ ઇસ્ટમાં ચાલી રહેલા તણાવની સીધી અસર હવે ભારતીય ઉદ્યોગો પર જોવા મળી રહી છે. ખાસ કરીને પેટ્રોકેમિકલ્સની અછતને કારણે પોલીમરના કાચા માલના ભાવમાં તોતિંગ વધારો થયો છે. યુદ્ધ પૂર્વે જે પોલીમરના દાણા આશરે 98 રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળતા હતા, તે હવે વધીને 168 રૂપિયા સુધી પહોંચી ગયા છે. માત્ર ટૂંકા ગાળામાં નોંધાયેલો આ 80%નો વધારો નાના અને મધ્યમ ઉદ્યોગકારો (MSME) માટે આર્થિક રીતે પડકારજનક સાબિત થઈ રહ્યો છે.

AIAના પ્રમુખ વિમલ જેઠવાએ જણાવ્યું હતું કે, હાલમાં પ્રવર્તમાન ઈરાન, ઈઝરાયલ-અમેરિકા વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ ચાલી રહી છે તેમાં પેટ્રોકેમિકલના ભાવ ખૂબ ઉપર ગયા છે, જેના હિસાબે એચડીપી પોલીમર- પીપી પોલીમરના જે દાણા છે એનો ભાવ આથી એક કે સવા મહિના પહેલા 98 રૂપિયા હતો. જે આજે 168 રૂપિયા પહોંચી જવા પામ્યો છે અને આટલા 168 રૂપિયા આપવા છતાં પણ પ્રવર્તમાન પરિસ્થિતિમાં દાણાની અછત છે.

ઉદ્યોગપતિ જતીન સૈનીએ જણાવ્યું હતું કે, પ્રવર્તમાન સ્થિતિ ચાલી રહી છે, જેમાં દાણાની અછત ઊભી થઈ છે. માર્કેટમાં જે નાના એકમો છે એ બધા તો બંધ થવાના આરે છે. એ ફેક્ટરીઓને માણસને પગાર કાઢવો પણ અઘરૂં પડી ગયું છે. હવે જે મોટા ઉદ્યોગો છે એ લોકો તેમની મનમાની પર ચાલી રહ્યા છે. દાણાના ભાવ અને યુદ્ધને મારા હિસાબે એટલું લેવાદેવા ન હોય. ક્રૂડ આવે છે ત્યાંથી, મોટી કંપની પાસે એટલો સંગ્રહ તો હોય છે કે બે ત્રણ ચાર મહિના સ્ટોક ચલાવી શકે છે. પોલીમરના ભાવમાં થયેલા આ વધારાને કારણે ઉત્પાદન ખર્ચમાં સીધો ઉછાળો આવ્યો છે. તેની અસરો હવે બજારમાં દેખાવા લાગી છે. અંકલેશ્વર અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના ઉદ્યોગકારોએ ચિંતા વ્યક્ત કરી છે. આગામી દિવસોમાં પ્લાસ્ટિક પર આધારિત તમામ ચીજવસ્તુઓ સામાન્ય ગ્રાહકો માટે વધુ મોંઘી બની શકે છે.

# માનવતા ફરી શર્મસાર: વાલિયામાં 4 વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ

અજાણ્યાએ બાળકીને ફોસલાવીને આચર્યું દુષ્કૃત્ય

ભરૂચ: વાલિયા તાલુકાના એક અંતરિયાળ ગામમાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના સામે આવી છે, જેમાં 4 વર્ષની માસૂમ બાળકી અમાનવીય અત્યાચારનો ભોગ બની છે.

કોઈ અજાણ્યા શખ્સે બાળકીને પટાવી-ફોસલાવી તેની સાથે શારીરિક અડપલાં કરી બાદમાં તેને પીંખી નાંખી હતી. આ ઘટનાની જાણ થતાં જ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે અને સ્થાનિકોમાં નરાધમ આરોપીને શોધી તેની સામે કડક પગલાં લેવાની માંગ ઊઠી છે. બનાવની ગંભીરતાને જોતા વાલિયા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી જઈ તપાસ શરૂ કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ ચકાસવાની સાથે શંકાસ્પદ લોકોની પૂછપરછ હાથ ધરી છે. ભોગ બનનાર બાળકીને તાત્કાલિક તબીબી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ટૂંક સમયમાં જ આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે. આ ઘટનાએ ફરી એકવાર બાળ સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.


## ભાવભિની શ્રદ્ધાંજલિ



**સ્વ.શ્રી જગતવિજય રામચંદ્ર તુલસ્યાન**
**સ્વ.તા.૧૨/૦૪/૨૦૨૬**

અમારા પરમ સ્નેહી મિત્ર અને આદરણીય વડીલ
શ્રી કમલવિજયજી તુલસ્યાનના પૂજ્ય ભાઈશ્રી શ્રી જગતવિજય રામચંદ્ર તુલસ્યાન ના
વૈકુંઠગમનના સમાચાર અત્યંત દુ:ખદ છે
આ અપુરણીય ક્ષતિ પર અમે અમારી ઊંડી સંવેદના વ્યકત કરીએ છીએ।
શ્રી જગતવિજયજીનું જીવન અત્યંત સરળ, સજ્જન અને ધાર્મિક રહ્યું હતું।
તેમણે પોતાના ઉત્તમ આચરણ દ્વારા પ્રેમ, દયા, કરુણા અને ક્ષમા જેવા
ઉચ્ચ સંસ્કારોને પરિવાર અને સમાજમાં સાકાર સ્વરૂપ આપ્યું હતું
આવી પુણ્યાત્માને અમે વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે
દિવંગત આત્માને પોતાના શ્રીચરણોમાં સ્થાન આપે અને
શોકગ્રસ્ત પરિવારને આ મુશ્કેલ સમયમાં ધૈર્ય, શકિત અને સંબળ આપે.

શ્રદ્ધાવનત

**અમે તમામ નીચે દર્શાવેલ સજ્જનો દિવંગત આત્માને વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ**

શ્રી જીતેન્દ્ર વખારિયા (નારાયણ પ્રોસેસર્સ),
શ્રી મહેશભાઈ કબૂતરવાલા (કલરટેક્સ),
શ્રી જે. પી. અગ્રવાલ (રચના ગ્રુપ),
શ્રી શ્યામ અગ્રવાલ (આર્મો ગ્રુપ),
શ્રી શ્યામ ગુપ્તા (વિરાટ પ્રોસેસર્સ),
શ્રી ગૌરીશંકર કોકરા (બાલકિશન ગ્રુપ),
શ્રી ગુલશન ચોપરા (ગુલશન પ્રિન્ટ્સ),
લક્ષ્મીપતિ ગ્રુપ,
શ્રી મદન ખુરાના (કે.બી. ક્રિએશન),
શ્રી આલોક બંસલ (પશુપતિ મિલ)
શ્રી પ્રમોદ ચૌધરી (પ્રતિભા ગ્રુપ),
શ્રી શશિ ભૂષણ જૈન (સુમતિ પ્રિન્ટ્સ),
શ્રી રામચરણ અગ્રવાલ (પ્રિયંકા પ્રોસેસર્સ),
શ્રી સત્યેન સોમાણી (વસંત ફેબ્રિક્સ),
શ્રી મનીષ ખુરાના (શિવમ ટેરિન),
શ્રી મનીષ અગ્રવાલ (અન્નપૂર્ણા ઇન્ડસ્ટ્રીઝ),
શ્રી આશુતોષ કનોડિયા (સાંવરિયા પ્રોસેસર્સ),
શ્રી મહાવીરપ્રસાદ જૈન (વિતરાગ ગ્રુપ),
શ્રી મનીષ અગ્રવાલ (મનીષ ડાઈંગ),
શ્રી તેજશ કાપડિયા (ઇન્ડીયન કેમિકલ)
શ્રી વિનિત જૈન (ત્રિશલા ગ્રુપ),